109


# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,

**(A Government of Gujarat Undertaking)**

"જલસેવા ભવન" છ- રોડ, એરફોર્સ સ્ટેશન સામે, સેકટર- ૧૦- એ, ગાંધીનગર

નિરવ પી.સોલંકી
મુખ્ય ઇજનેર
(ટેકનીકલ સેલ)

વેબસાઇટઃ- www.watersupply.gujarat.gov.in,
ઇ-મેઇલઃ- cematerial001@gmail.com, gwssb.opcell@gmail.com, gwssb.techcell@gmail.com
ટેલીફોન નં- ૨૩૨૨૨૫૪૭


आज़ादी का अमृत महोत्सव

જા.નં./ટેક.સેલ/એસ.બી.ડી/ 356 તા.23 /10 /૨૦૨૫

## પરીપત્ર

**વિષયઃ-** **ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ હસ્તકના વિવિધ પ્રોજેક્ટના Percentage Rate Tender પ્રમાણે બહાર પાડવામાં આવતા ટેન્ડરની નાણાકીય મર્યાદામાં સુધારો કરવા બાબત.**

**સંદર્ભઃ-**

1. માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગરના પરીપત્ર નં. ટીએનસી-૧૦૮૮-ડી-૩૪૭(૭)સી, તા.૧૧/૦૭/૨૦૧૭.
2. નાણાં નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક એબી/ સીમે- ૧-૨/ ૨૦૧૭-૧૮/ ફા.નં- ૯૬/ ૨૬૨, તા.૨૭/૧૦/૨૦૧૭.
3. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક PS/ sec(Exp)/ Fd/ 10/2024/ 08, તા.તા.૦૫/૧૦/૨૦૨૪.

**પ્રસ્તાવનાઃ-**

માર્ગ અને મકાન વિભાગ દ્વારા સંદર્ભિત-૧ હેઠળના ઠરાવથી Percentage Rate Tender પ્રમાણે બહાર પાડવામાં આવતા ટેન્ડરોની નાણાકીય મર્યાદા રૂ.૧૦ કરોડ સુધી રાખવામાં આવેલ હતી અને તે મુજબ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવતા પ્રોજેક્ટના Percentage Rate Tender પ્રમાણે ટેન્ડરો રૂ. ૧૦ કરોડની નાણાકીય મર્યાદામાં બહાર પાડવા માટે નાણા નિયંત્રકશ્રી દ્વારા સંદર્ભિત-૨ હેઠળના પત્રથી જરૂરી કાર્યવાહી કરવા માટે જણાવેલ. હાલ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા રૂ. ૧૦ કરોડ સુધીના ટેન્ડરો Percentage Rate Tender પ્રમાણે આમંત્રિત કરવામાં આવે છે.

સરકારશ્રીના નાણા વિભાગ દ્વારા સંદર્ભિત-૩ હેઠળના પત્રથી બહાર પાડવામાં આવેલ સ્ટાન્ડર્ડ બીડ ડોક્યુમેન્ટમાં Percentage Rate Tender ટેન્ડરોની નાણાકીય મર્યાદા ૫૦ કરોડ કરવામાં આવેલ છે. જેને ધ્યાને લઇ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

હેઠળના રૂ. ૫૦ કરોડ સુધીના ટેન્ડરો Percentage Rate Tender પ્રમાણે આમંત્રિત કરવા માટે જરૂરી અમલવારી કરવાની થાય છે.

**પરીપત્ર:-**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના આ પરિપત્રની તારીખથી રૂ.૫૦ કરોડ સુધીની અંદાજીત રકમ વાળા ટેન્ડરો નાણા વિભાગના તા.૦૫/૧૦/૨૦૨૪ ના ઠરવોને અનુલક્ષિને Percentage Rate Tender પ્રમાણે આમંત્રિત કરવા માટે આથી અમલ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં, હાલમાં જે ટેન્ડરો કે જેની અંદાજીત કિંમત રૂ.૫૦ કરોડ કે તેથી ઓછી રકમના ઓનલાઇન હોય તેમજ ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ હજુ બાકી હોય તે તમામ ટેન્ડરોને પણ Percentage Rate Tender પ્રમાણે આમંત્રિત કરવાના રહેશે.

ઉપરોક્ત પરિપત્રનો તાત્કાલિક અમલ કરવાનો રહેશે.

(નિરવ પી. સોલંકી)
મુખ્ય ઇજનેર (ટેકનીકલ સેલ)

**નકલ સવિનય રવાના પ્રતિ,**

- અંગત મદદનીશશ્રી, માન. અધ્યક્ષશ્રીનું કાર્યાલય, બોર્ડ કચેરી, ગાંધીનગર.
- અંગત મદદનીશશ્રી, માન. સભ્ય સચિવશ્રીનું કાર્યાલય, બોર્ડ કચેરી, ગાંધીનગર.

**નકલ સાદર રવાના પ્રતિ,**

- મુખ્ય ઇજનેરશ્રી, યાંત્રિક શાખા, બોર્ડ કચેરી, ગાંધીનગર.
- પ્રોજેકટ ડાયરેકટરશ્રી, અર્બન સેલ, બોર્ડ કચેરી, ગાંધીનગર.
- ચીફ જનરલ મેનેજરશ્રી, જી.ડબલ્યુ.આઇ.એલ., ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી, વાસ્મો, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી, ઝોન- ૧, વડોદરા, ઝોન- ૨, અમદાવાદ, ઝોન- ૩, રાજકોટ, ઝોન- ૪, કચ્છ, ઝોન- ૫, જુનાગઢ, ઝોન- ૬, સુરત.
- નિયામકશ્રી, જી.જે.ટી.આઇ.,સેક્ટર-૧૫, ગાંધીનગર.

**નકલ રવાના પ્રતિ,**

- અધિક્ષક ઇજનેરશ્રી, (સીવીલ/ યાંત્રિક) (સર્વે) ......................
- કાર્યપાલક ઇજનેરશ્રી, (સીવીલ/ યાંત્રિક) (સર્વે) ......................
- સીસ્ટમ મેનેજરશ્રી, કમ્પ્યુટર સેલ, બોર્ડ કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા બોર્ડ ની વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ.
- માસ્ટર ફાઇલ.